# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-05-2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર પ્રાદેશિક સમાચાર

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં કુલ 58 બેઠકો માટે સરેરાશ 61.76 ટકા મતદાન નોંધાયું. સૌથી વધુ 80.06 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં.
- ✓ ગુજરાતના રાજકોટમાં TRP ગેમઝોનમાં સર્જાયેલ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 9 બાળક સહિત 27 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે.
- ✓ રેમલ વાવાઝોડું આજે પશ્ચિમ બંગાળમાં ત્રાટકે તેવી સંભાવના.
- ✓ ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયા ફિલ્મ 'ઑલ વી ઇમેજિન એઝ લાઈટ' માટે કાન્સ ફિલ્મ સમારોહમાં ગ્રાન્ડ પ્રિક્સ પુરસ્કાર જીતનારાં પહેલાં ભારતીય ફિલ્મ નિર્માતા બન્યાં.
- ✓ IPLની અંતિમ મેચ આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝ્સ હૈદરાબાદ વચ્ચે ચેન્નઈમાં રમાશે.

..............................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *LOK SABHA SIXTH PHASE VOTING*

કેન્દ્રિય ચૂંટણી પંચના જણાવ્યા પ્રમાણે, લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા અંતર્ગત ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં સરેરાશ 61.76 ટકા મતદાન નોંધાયું. સૌથી વધુ 80.06 ટકા મતદાન પશ્ચિમ બંગાળ તો સૌથી ઓછું 54.03 ટકા મતદાન ઉત્તરપ્રદેશમાં નોંધાયું. ઉપરાંત જમ્મુ-કાશ્મીરમાં 54.46, બિહારમાં 55.24, દિલ્હીમાં 58.03, હરિયાણામાં 62.14, ઝારખંડમાં 63.76 અને ઓડિશામાં 70.99 ટકા મતદાન નોંધાયું.

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં ઉત્તરપ્રદેશની 14, હરિયાણાની તમામ 10, બિહાર અને પશ્ચિમ બંગાળની 8–8, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઝારખંડની 4 અને જમ્મુ-કાશ્મીરની એક એમ કુલ 58 બેઠક માટે મતદાન પૂર્ણ થયું. આ તબક્કા અંતર્ગત કુલ 889 ઉમેદવારનું ભાવિ ઈવીએમ મશીનમાં કેદ થઈ ગયું છે. જ્યારે ઓડિશા વિધાનસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગઈકાલે 42 બેઠક માટે સરેરાશ 70.99 ટકા મતદાન નોંધાયું.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાનની પૂર્ણાહૂતિ સાથે હવે 28 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 486 લોકસભા બેઠક પર મતદાન પૂર્ણ થયું. અને હવે લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા અંતર્ગત 57 લોકસભા બેઠક માટે પહેલી જૂને મતદાન થશે. જ્યારે દેશભરમાં મતગણતરી આગામી ચાર જૂને થશે.

……………………………………………

# ECI-VOTER-TURNOUT-DATA

કેન્દ્રિય ચૂંટણી પંચે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીના પહેલા પાંચ તબક્કા સુધી 50 કરોડ 72 લાખથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો.

ચૂંટણી પંચે જણાવ્યું, સર્વોચ્ચ અદાલતે મતદાન સંસ્થાને ફોર્મ 17-સીની પ્રમાણિત, સ્કેન કરેલી અને સુવાચ્ય નકલ અપલોડ કરવા નિર્દેશ માગતી અરજીને ફગાવી દીધાના એક દિવસ પછી આ વિગત બહાર પાડવામાં આવી.

એક નિવેદનમાં પંચે ભારપૂર્વક જણાવ્યું કે, મતદાર મતદાનની વિગતોને જાહેર કરવામાં કોઈ વિલંબ થયો નથી અને દરેક તબક્કાના મતદાનના દિવસે સવારે સાડા નવ વાગ્યાથી સુવિધાજનક મતદાર મતદાન એપ્લિકેશન પર ડેટા હંમેશા 24 કલાક ઉપલબ્ધ રહે છે.

..................................................

# CAMPAIGN OVERALL

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. તમામ રાજકીય પક્ષના મુખ્ય નેતાઓ રેલીઓ અને રોડ-શૉ યોજી મતદારોને રિઝવવા માટે મેદાને આવ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે બિહારમાં કરાકટમાં કહ્યું કે, કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન પાસે કોઈ દ્રષ્ટિકોણ નથી.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે હિમાચલપ્રદેશના હમીરપુર અને કાંગડામાં જનસભા સંબોધી હતી. તેમણે કહ્યું કે, 400ને પાર પહોંચાડવાની જવાબદારી હવે સાતમા તબક્કાના મતદાન પર છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા યોગી આદિત્યનાથે પક્ષના ઉમેદવારોના સમર્થનમાં સલેમપુર, બલિયા અને ચંદૌલીમાં ગઈકાલે જાહેરસભા સંબોધી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ હિમાચલ પ્રદેશના રોહડૂમાં ચૂંટણી સભા સંબોધતા કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અગ્નિવીર યોજના ચાર વર્ષ બાદ તાલીમ આપીને ઘરે પરત મોકલવા માટે લાગુ કરી છે.

કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીનાં નેતા માયાવતીએ ગોરખપુરમાં, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે બિહારના અસ્થવામાં જાહેરસભા સંબોધી હતી.

..................................................

## *GUJARAT RAJKOT FIRE TRAGEDY*

ગુજરાતના રાજકોટ શહેરમાં નાના માવ રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોનમાં ગઈકાલે સાંજે આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધી 9 બાળક સહિત 27 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. આ દુર્ઘટનાની તપાસ માટે વિશેષ તપાસ ટૂકડી પણ બનાવવામાં આવી છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશનર રાજૂ ભાર્ગવે માહિતી આપી કે, રાજકોટના તમામ ગેમ ઝોનને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને તમામ ગેમિંગ ઝોનનું ઑડિટ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે આ દુર્ઘટના અંગે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી આ દુર્ઘટના અંગે વિગત મેળવી અકસ્માતની સંપૂર્ણ તપાસ કરવા અને દોષિતો સામે કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો.

..................................................

## *CYCLONE UPDATE*

હવામાન વિભાગે ઉત્તરપૂર્વીય વિસ્તાર અને બાંગ્લાદેશ માટે રેમલ વાવાઝોડાં અંગે ગંભીર ચેતવણી જાહેર કરી છે, જે આજે પશ્ચિમ બંગાળમાં ત્રાટકે તેવી સંભાવના છે. આ વાવાઝોડાને કારણે આજે 110થી 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઇ શકે છે. બંગાળની ખાડી પર આવનારા વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા માટેની તૈયારીઓની સમીક્ષા કરવા કેબિનેટ સચિવ રાજીવ ગૌબાની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપનની બેઠક યોજાઈ હતી. વાવાઝોડાને ધ્યાનમાં રાખી દરિયાકાંઠે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દળની 12 અને 5 રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન દળની ટીમને તૈનાત રાખવામાં આવી છે.

.....................................................

## *BREAK*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.....................................................

## *CANNES FILM FESTIVAL*

ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયાએ પોતાની ફિલ્મ ‘ઑલ વી ઇમેજિન એઝ લાઈટ’ માટે કાન્સ ફિલ્મ સમારોહમાં ગ્રાન્ડ પ્રિક્સ પુરસ્કાર જીતનારાં પહેલાં ભારતીય ફિલ્મ નિર્માતા બનીને ઈતિહાસ રચ્યો છે. આ ફિલ્મે સમારોહના બીજા સૌથી

પ્રતિષ્ઠિત પુરસ્કાર હાંસલ કર્યો છે. કોઈ ભારતીય મહિલા નિર્દેશકની આ પહેલી ફિલ્મ છે, જે 30 વર્ષમાં કોઈ મુખ્ય સ્પર્ધામાં પ્રદર્શિત કરવામાં આવી હતી. નિર્દેશક પાયલ કપાડિયાની ફિલ્મે ફ્રાન્સીઝ ફોર્ડ કોપોલા, સીન બેકર, યોર્ગોસ લેન્થિમોસ, પૉલ શ્રેડર, મેગ્નસ વૉન હૉર્ન અને પાઓલો સોરેન્ટિનો જેવા વિશ્વ પ્રસિદ્ધ નિર્દેશકોની સાથે હરિફાઈ કરી હતી.

.........................................................

## *T20 WORLD CUP INDIAN TEAM & IPL FINAL*

ઈન્ડિયન પ્રીમિયર લીગ IPLની અંતિમ મેચ આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝ઼્સ હૈદરાબાદ વચ્ચે ચેન્નાઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સાંજે સાડા 7 વાગ્યે શરૂ થશે. દરમિયાન આગામી બીજી જૂનથી શરૂ થનારા ટી-ટ્વેન્ટી વિશ્વકપ માટે કેપ્ટન રોહિત શર્મા સહિતના ભારતીય ક્રિકેટરોનો પહેલો સમૂહ અમેરિકા જવા રવાના થયો છે. આ ટી-ટ્વેન્ટી વિશ્વકપ સંયુક્તપણે અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝ દ્વારા બીજી જૂનથી 29મી જૂન દરમિયાન યોજવામાં આવશે. ભારતીય ક્રિકેટ ટીમ આગામી પાંચમી જૂને ન્યૂયોર્કમાં નવા બનેલા નાસાઉ કાઉન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં આયર્લેન્ડ સામે શુભારંભ કરશે. જ્યારે નવમી જૂને ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે.

.........................................................

## *ATHLETICS BRONZE MEDAL*

ભારતનાં અન્નુ રાનીએ જર્મનીના હેલેમાં યોજાયેલા હેલે વર્ફટ્ઝ 2024 એથ્લેટિક્સ મીટમાં મહિલાઓની ભાલાફેંક સ્પર્ધામાં 59.09 મીટર થ્રો સાથે રજત ચંદ્રક જીત્યો.

2024 એથ્લેટિક્સની પોતાની ત્રીજી સ્પર્ધામાં અન્નુ રાનીએ પહેલા જ પ્રયાસમાં પોતાનો શ્રેષ્ઠ થ્રો કર્યો. અન્નુ રાનીનો બીજો થ્રો 55.19 મીટર માપવામાં આવ્યો. અન્નુ રાનીનો વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ થ્રો 63.82 મીટરનો છે, જે તેમણે વર્ષ 2022માં ઈન્ડિયન ઑપન જેવલિન થ્રો સ્પર્ધામાં હાંસલ કર્યો હતો.

દરમિયાન, વિક્રાંત મલિક અને સાહિલ સિલવાલ ભારતીય ખેલાડીઓએ હેલેમાં પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં ભાગ લીધો હતો. 81.82 મીટરનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ ધરાવતા વિક્રાંત મલિકે ત્રીજા પ્રયાસમાં 79.99 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જ્યારે સાહિલ સિલવાલના 77.23 મીટરના પ્રયાસે તેમને પાંચમું સ્થાન અપાવ્યું. નીરજ ચોપરાએ 89.94 મીટર સાથે ભાલા ફેંકમાં ભારતીય રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે.

.....................................................